# રાજસ્થાન રોયલ્સ પર ૧૦૦ કરોડનો દંડ

નવી દિલ્હી, તા.૪

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ઈડી) દ્વારા આઈપીએલની ટીમ રાજસ્થાન રોયલ્સ સામે ૯૮.૫ કરોડ રૂપિયાની દંડની નોટિસ આજે ફટકારતા સનસનાટી મચી ગઈ હતી. તેના બિઝનેસ ઓપરેશનમાં ફોરેક્સ કાયદાઓનો ખુલ્લીરીતે ભંગ કરવા બદલ રાજસ્થાન રોયલ્સને નોટિસ ફટકારવામાં આવી છે. ઈડી દ્વારા ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ બે વર્ષ સુધી તપાસ કર્યા બાદ આ દંડની નોટિસ આજે ફટકારી હતી. આઈપીએલ ફેન્ચાઈસીસને ત્રણ જુદી જુદી નોટિસો મોકલવામાં આવી હતી. ફેમાએ કહ્યુ છે કે અગાઉ પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજસ્થાન રોયલ્સ અગાઉ પણ વિવાદમાં રહી ચુકી છે. અન્ય નોટિસોનો સામનો પણ કરવામાં આવી ચુકયો છે. જયપુર આઈપીએલ ક્રિકેટ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેકટરો પર પણ ૫૦ કરોડ રૂપિયાનો દંડ લાદવામાં આવી ચુકયો છે. રાજસ્થાન રોયલ્સના માલિકો પર પણ દંડ લદાયો છે. ફોરેક્સ ડ્યુટીની ચોરી બદલ આ નોટિસ ફટકારવામાં આવી છે. ઈએમ સ્પોર્ટી હોલ્ડિંગ, મોરેશિયસ અને તેના ડિરેક્ટરો સામે પણ નોટિસ જારી કરવામાં આવી છે. નવેસરની ૧૪.૫ કરોડની નોટિસ એનડી ઈન્વેસ્ટમેન્ટ બ્રિટન, તેના ડિરેકટરોને પણ ફટકારવામાં આવી છે. આ તમામ ત્રણેય પક્ષો ફેમાની એપ્લેટ ઓથોરિટીમાં દંડના આદેશ સામે અપીલ કરી શકે છે. આ આદેશના ભાગરૂપે ૪૫ દિવસની અંદર આઈપીએલ ટીમને નાણાંની ચૂકવણી કરવી પડશે. ઈડીની ટીમ તમામ આઈપીએલ ફેન્ચાઈસીસ સામે ફાઈનાન્સિયલ અને ફોરેન એક્સચેન્જમાં ગેરરીતિના મામલામાં તપાસ કરી રહી છે. છેલ્લા બે વર્ષથી આ તપાસ ચાલી રહી હતી. દંડના આદેશમાં જણાવાયુ છે કે તપાસ સંસ્થાને એવું જાણવા મળ્યુ છે કે જેઆઈપીએલમાં વિદેશી રોકાણને લઈને ધારાધોરણોનો ખુલ્લો ભંગ થયો છે. કંપનીઓમાં ફંડને લઈને ઘણી ગૂંચવણો અને ગેરરીતિઓ જોવા મળી ચુકી છે.

## વડાપ્રધાનના મુદ્દે કોઈ અટકળો ન કરવા રાજનાથસિંહની સલાહ

નવી દિલ્હી, તા.૪

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવારને લઈને ચાલી રહેલી ચર્ચાના દોર વચ્ચે પક્ષ પ્રમુખ રાજનાથસિંહે આજે કહ્યુ હતુ કે વડાપ્રધાન પદના મામલે બિનજરૂરી નિવેદન કોઈ પણ સભ્યએ કરવા જોઈએ નહીં. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખે આજે પક્ષના નેતાઓ અને કાર્યકરોને કહ્યુ હતુ કે આ પ્રકારના નિવેદનથી સાથી પક્ષોમાં બિનજરૂરી ચર્ચા અને ખેંચતાણની સ્થિતિ ઉભી થઈ શકે છે. રાજનાથ સિંહે કહ્યુ છે કે તેઓ પહેલા પણ આ મુજબની વાત કરી ચુકયા છે અને ફરી એકવાર આ વાત કહેવા માંગે છે કે બિનજરૂર નિવેદબાજી પક્ષને પણ ઘણા ખુલાસા તરફ દોરી જશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા દિવસથી એવી ચર્ચા



ચાલી રહી છે કે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીને ટૂંકમાં જ પ્રોજેક્ટ કરવામાં આવશે. મોદીની તરફેણમાં નિવેદન કરનાર ટોચના નેતાઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી હતી જેમાં ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિંહાનો પણ સમાવેશ થાય છે. રાજનાથસિંહે કહ્યુ હતુ કે ભાજપમાં આવી પરંપરા રહી છે કે વડાપ્રધાન અને મુખ્યમંત્રીના મામલે પક્ષની સંસદીય સમિતિ દ્વારા નિર્ણય લેવામાં આવે છે. રાજનાથસિંહે કહ્યુ હતુ કે કાર્યકરો અને નેતાઓને કોઈ પણ પ્રકારના વિવાદ ઉભા ન થાય તે બાબતનું ધ્યાન રાખવું જોઈએ. વડાપ્રધાન પદ મુદ્દે સંસદીય બોર્ડ દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે. બીજી તરફ મોદીના નામને લઈને ચર્ચા વધુ તીવ્ર બની ગઈ છે. રવિવારે રાજનાથસિંહે કહ્યુ હતુ કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સક્ષમ અને લોકપ્રિય નેતા છે પરંતુ વડાપ્રધાન પદના ઉમેદવાર માટે પસંદગી પક્ષના સંસદીય બોર્ડ દ્વારા કરવામાં આવશે. હાલમાં જ રાજનાથસિંહ પક્ષ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી મોદી રાજનાથસિંહને મળવા માટે દિલ્હી પહોંચ્યા હતા અ બંને નેતાઓએ બે કલાકથી વધુ સમય સુધી વાતચીત કરી હતી. લોકસભાની ચૂંટણીને લઈને મુખ્યરીતે ચર્ચા થઈ હતી. બંને વચ્ચે ચર્ચા બાદ એવી અટકળો ચાલી રહી હતી કે મોદીને ચૂંટણી પહેલા કોઈ મોટી જવાબદારી સોંપવામાં આવશે. ભાજપ સંસદીય બોર્ડમાં મોદીના સમાવેશને લઈને પણ હાલમાં ચર્ચા રહી છે.

## વિશ્વરૂપમ : કમલ હાસને હાઈકોર્ટમાંથી રિટ પાછી ખેંચી

ચેન્નાઈ, તા. ૪

તમિલમાં બનાવેલી ફિચર ફિલ્મ વિશ્વરૂપમ પરનો પ્રતિબંધ સરકારે ઉઠાવી લીધા બાદ આ ફિલ્મના નિર્માતા, નિર્દેશક અને કલાકાર કમલ હાસને મદ્રાસ હાઈકોર્ટમાં દાખલ કરેલી રીટ આજે પાછી ખેંચી લીધી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, હાઈકોર્ટમાંથી કમલ હાસને અરજી પરત ખેંચી લેતા હવે મેગા બજેટવાળી ફિલ્મ વિશ્વરૂપમ તામિલનાડુમાં જલ્દીથી રિલીઝ થશે. હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ એસ. રાજેશ્વરન સમક્ષ આ કેસ સુનાવણી માટે આવ્યો હતો. ત્યાર બાદ કમલ હાસન અને સરકારે બંનેએ મુસ્લિમ સંગઠનો સાથે સમાધાન કર્યું હતું. આ સમાધાનના પગલે કમલ હાસને રિટ પાછી ખેંચવાની હાઈકોર્ટ સમક્ષ વિનંતી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વરૂપમ ફિલ્મ સામે મુસ્લિમ સંગઠનોએ વિરોધ કર્યો હતો અને એવો આરોપ કર્યો હતો કે આ ફિલ્મમાં કેટલાક દ્રશ્યોથી મુસ્લિમ સમાજની ભાવનાને ઠેસ પહોંચી રહી છે. આ ફિલ્મ પાછળ લગભગ રૂપિયા ૧૦૦ કરોડ જેટલો ખર્ચ કરાયો છે. મુસ્લિમ સંગઠનો સાથે સમાધાન બાદ તામિલનાડુ સરકારે રવિવારે ફિલ્મ સામેનો પ્રતિબંધ હટાવી લીધો હતો.

## ભાજપ-સંઘના નેતાઓની એનઆઈએની સાથે ચર્ચા

ઈન્દોર, તા.૪

મધ્યપ્રદેશના ભાજપ અને સંઘના નેતાઓ આજે એનઆઈએના અધિકારીઓને મળ્યા હતા અને કેટલાક લોકોની ધરપકડ બાદ આ મુદ્દે વાતચીત પણ કરી હતી. તાજેતરના દિવસોમાં ઈન્દોર ડિવિઝન સહિત માલવા પ્રદેશમાં સંઘ સાથે સંબધ ધરાવતા કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ભાજપ અને સંઘના નેતાઓએ ધરપકડના મામલે એનઆઈએના અધિકારીઓ સાથે વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરી હતી. ભાજપના પ્રતિનિધિમંડળમાં સાંસદ સુમિત્ર મહાજન હતા. આ ઉપરાંત સ્થાનિક ધારાસભ્યો અને આરએસએસના નેતાઓ પણ હતા. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીના અધિકારીઓને મળવા ગઈકાલે જ યોજના તૈયાર કરવામાં આવી હતી. ઈન્દોરમાં ભાજપના પ્રમુખ શંકર લાલવાનીએ કહ્યુ હતુ કે એનઆઈએને કહેવામાં આવ્યુ છે કે કોઈ પણ વોરન્ટ વગર કોઈ વ્યક્તિની ધરપકડ કરવામાં ન આવે. જ્યાં સુધી કોઈ નક્કર પુરાવા હાથ ન લાગે ત્યાં સુધી તપાસ હાથ ન ધરવા અથવા તો કોઈ સંસ્થા અથવા તો કોઈ રાજકીય પક્ષ ઉપર દોષારોપણ ન કરવા એનઆઈએના અધિકારીઓને કડક સુચના આપવામાં આવી છે. એનઆઈએના અધિકારીઓ કાયદા વગર અને પુરાવા વગર ઘણા કેસમાં આગળ વધ્યા છે. એનઆઈએના અધિકારીઓ હાલમાં ઈન્દોર, દેવાસ, ખાંડવા અને ઉજ્જૈન જિલ્લાઓને આવરી લેતા ગામોમાં ઉંડી તપાસ કરી હતી. એનઆઈએએ તાજેતરમાં માલેગામ બોંમ્બ બ્લાસ્ટ કેસમાં તથા સમજૌતા એક્સપ્રેસ બ્લાસ્ટ સંબંધમાં મધ્યપ્રદેશમાંથી કેટલાક લોકોની ધરપકડ કરી હતી.

## સમાચાર ઝલક

- ચણાદાળ-બેસનનાં ભાવમાં ઘટાડો છતાં ફરસાણ ભાવ યથાવત્, પુરવઠાખાતું ગાઢ નિદ્રામાં.
- દેશભરમાં આજે વિશ્વ કેન્સર દિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા.
- સ્કોલરશીપ મેળવવા માટે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે આધાર કાર્ડ જરૂરી.
- તાલિબાની માનવ બોમ્બરે ૩૧ પાક. સૈનિકોને ઉડાડ્યા.
- માતા વૈષ્ણોદેવીના બે અબજ સિક્કા બજારમાં મુકાશે.
- પાકની ખંધી ચાલ : ભારતને હેરાન કરવા ગ્વાદર પોર્ટ ચીનને હવાલે કર્યું.
- સહકારી સોસાયટીના કાયદામાં ધરખમ સુધારાઓ આવી રહ્યાં છે, ૩ વર્ષને બદલે ૫ વર્ષ કરાશે.
- નવો ક્રેઝ : રેપ વિરોધી ટી-શર્ટસ હવે બજારમાં.
- ઉમિયા ધામ ઊંઝામાં તા.૧૦મી ફેબ્રુઆરીએ દેશ-વિદેશોનાં ૧૭૫ ઉમિયા મંદિરોની સંયુક્ત બેઠક.
- સંતરાં, મૌસંબી, દાડમ, ચીકું, બોર, જામફળ જેવા ફળો આકરી ઠંડીએ, બજાર છલકાવી દીધું.
- પિતાના સ્વપ્નને પૂર્ણ કરવા માટે ગાંધીનગરમાં મેજિક ઇન્સ્ટીટયુટ સ્થાપવાનો સંકલ્પ કરતાં જુનિયર કે.લાલ.
- ગેસ ડીલરો હવે નવાં રાંધણ ગેસ જોડાણો નહીં આપી શકે, માત્ર નોંધણી કરાશે.
- મોટા ભાગનાં ટોચનાં રાજકીય નેતાઓ મહાકુંભ મેળાની મુલાકાત લેશે.
- ભાણવડના વિજયપુર ગામે ઝેરી મધમાખીએ યુવાનનો ભોગ લીધો.
- ચોટીલામાં શકમંદ ખીસ્સા કાતરૂંને ઢોરમાર મારતાં મૃત્યુ, મંદિરનો સલામતી સ્ટાફ સંકજામાં.
- વિદેશી રોકાણકારોએ શેરબજારમાં જાન્યુ. માસમાં ૨૨,૦૦૦ કરોડનું રોકાણ કર્યું.
- એક મહિનામાં જ સ્વામી વિવેકાનંદજીને સ્પર્શતા બે વિશ્વ વિક્રમો રચતાં વડોદરા વાસીઓ.
- અમદાવાદમાં મોંના કેન્સરના દર્દીઓની સંખ્યામાં બે ગણો વધારો, ૧૦૦ પ્રકારનાં કેન્સર.

## વિદેશી નાણાં મામલે કોગ્રેસ, ભાજપને હાઈકોર્ટની નોટિસ

નવી દિલ્હી, તા.૪

દિલ્હી હાઈકોર્ટે વિદેશી ફંડિંગના મામલે આજે કોંગ્રેસ અને ભાજપને નોટિસ ફટકારી હતી. બ્રિટેન સ્થિત વેદાંતા ગ્રુપની ગૌણ કંપનીઓ પાસેથી દાન લેવા બદલ સીબીઆઈ અથવા સીટ મારફતે તપાસ કરવાનો આદેશ આપવાની માંગ કરતી અરજી પર આજે કોંગ્રેસ અને ભાજપને આદેશ આપવામાં આવ્યો હતો. જસ્ટિસ સંજય કિશન કૌર અને જસ્ટિસ ઈન્દર મિત કૌરની બનેલી ડિવિજન બેંચે બે રાજકીય પક્ષો પાસેથી જવાબની માંગ કરી છે. ત્રણ સપ્તાહમાં જવાબ આપી દેવા કોંગ્રેસ અને ભાજપ બંનેને આદેશ આપવામાં આવ્યો છે. આ મામલામાં વધુ સુનાવણી ૧૯મી માર્ચના દિવસે હાથ ધરવામાં આવશે. કોર્ટે અગાઉ ગૃહમંત્રાલય અને ચૂંટણી પંચ પાસેથી પણ જવાબની માંગ કરી હતી અને કહ્યુ હતુ કે કોંગ્રેસ અને ભાજપને જવાબ આપવા માટે કહેતા પહેલા તેમના જવાબમાં પણ વિસ્તારપૂર્વક ચકાસણી કરવામાં આવશે. દિલ્હી હાઈકોર્ટના આજના નિવેદનને ખૂબજ મહત્વપૂર્ણ કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા દિવસથી વિદેશી ફડિંગને લઈને પ્રશ્નો થઈ રહ્યા હતા. વિદેશમાંથી મળી રહેલી રકમ મામલે કોઈ ખુલાસો ન કરવામાં આવ્યા બાદ વેદાંતા મામલામાં તપાસની રજુઆત થઈ રહી હતી. આ સંબંધ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. વેદાંતા ગ્રુપની ઘણી જુદી જુદી કંપનીઓ પાસેથી દાન લેવા બદલ હોબાળો થયો હતો. કોંગ્રેસ અને ભાજપ બંનેએ પોતા પોતાની રીતે રજુઆત કરી હતી પરંતુ બંને પક્ષોની રજુઆત આડેધડ રહી હતી જેથી અરજીદારે આ મામલામાં સીટ અથવા સીબીઆઈ દ્વારા તપાસની રજુઆત કરી હતી. અરજી પર સુનાવણી ચલાવતી વેળા દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ અને ભાજપને આજે નોટીસ આપી હતી.

## આઈટી ઉપર ૩૬,૮૦૦ કરોડનો જંગી ખર્ચ કરાશે

જાણીતી રિસર્ચ કંપની ગાર્ટનરે આજે જણાવ્યુંહતુ કે સરકાર વર્ષ ૨૦૧૩માં આઈટી પ્રોડક્ટ અને સર્વિસ અંગે ૩૬૮૦૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરે તેવી શક્યતા છે. વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં ૧૦.૫ ટકાનો વધુ ખર્ચ કરવામાં આવશે. એક નિવેદનમાં આ રિસર્ચ કંપનીએ કહ્યુ છે કે વર્ષ ૨૦૧૨માં ૩૩૩૦૦ કરોડના રેવેન્યુની સામે આ રકમ છે. આંતરિક આઈટી સહિત સરકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલા ખર્ચ કરતા આ રકમ વધારે છે. ટેલિકોમ્યુનિકેશન અને નેટવર્કિંગ સાધનો તથા સર્વિસ એકંદરે ખર્ચની કેટેગરીમાં સૌથી મોટી સંખ્યા તરીકે રહી શકે છે. આમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૩માં ૬.૮ ટકાનો વધારો થશે અને ખર્ચની રકમ અનેકગણી વધશે. સોફ્ટવેર સેક્ટરમાં હાઈએસ્ટ ગ્રોથ રેટ જોવા મળી શકે છે. આઈટી ખર્ચ કેટેગરીમાં સોફ્ટવેર સેક્ટરનો આંકડો સૌથી વધુ નોંધાશે. ૨૦૧૩માં ૧૮ ટકાના વધારા સાથે તેમાં વધારો જોવા મળી રહ્યો છે. ડેસ્ક ટોપ સોફ્ટવેર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોફ્ટવેરમાં રોકાણ વધશે.

## ભારે હિમવર્ષા અને વરસાદનાં કારણે ઉત્તર ભારતમાં એલર્ટ જારી

નવીદિલ્હી,તા.૪

આકાશમાં છવાયેલા વાદળોનાં કારણે આગામી ૨૪ કલાકમાં દેશનાં મેદાની વિસ્તારોમાં વરસાદ અને પહાડો પર ભારે હિમવર્ષા થવાની સ્થિતિ પેદા થઈ છે પરંતુ પાછલા ત્રણ દિવસોથી જમ્મુમાં રીમઝીમ વરસાદ અને કાશ્મીરનાં પહાડો પર સમયાંતરે હિમવર્ષા થતી રહી છે. જોકે હવામાન પર તેની કોઈ અસર પડી નથી. સંભવિત જોખમને જોતાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને વન-વે બનાવી દેવામાં આવ્યો છે. હિમાચલપ્રદેશમાં પ્રશાસને એલર્ટ જારી કરી દીધું છે. દિલ્હી સહિત આસપાસનાં વિસ્તારોમાં રવિવાર સાંજે સામાન્ય વરસાદ પડતાં ઠંડીમાં વધારો થયો છે. હિમાચલપ્રદેશમાં સતત ત્રણ દિવસ હિમવર્ષા અને સામાન્ય વરસાદ પડવાની સંભાવના હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. ત્રણ અઠવાડિયાથી આ વિસ્તારમાં હવામાન સુંદર બનેલું હતું. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ પ્રદેશમાં ૨ ફેબ્રુઆરીથી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય બન્યું છે અને તેનો પ્રભાવ ૪ ફેબ્રુઆરી મધ્યરાત્રિથી આરંભ થવાની સંભાવના છે. વિભાગનું માનવું છે કે, ઉંચા પહાડો અને મધ્યમ ઉંચાઈવાળ ક્ષેત્રોમાં ૪ ફેબ્રુઆરીથી હિંમવર્ષા થઈ શકે છે અને અહીં રહેતાં લોકોને તીવ્ર ઠંડીનો સામનો કરવો પડી શકે એમ છે. બીજીતરફ ગત ૧૭-૧૮ જાન્યુઆરીનાં રોજ થયેલ હિમવર્ષા બાદ હજુસુધી કિન્નોર અને લાહુલ-સ્પીતી સહિત શિમલાના ડોડરાક્વારમાં જનજીવન સામાન્ય બની શકયું નથી. કેટલાંક વિસ્તારોમાં હજુસુધી પરિવહન અને વીજળી સુવિધા પણ દુરસ્ત કરી શકાય નથી. ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારમાં રવિવારે તાપ નીકળ્યો હતો જ્યારે મેદાની વિસ્તારોમાં મિશ્ર વાતાવરણ રહ્યું હતું. હવામાન વિભાગનું પૂર્વાનુમાન છે કે, ઝાકળ અને હિમવર્ષા થઈ શકે છે જ્યારે અમુક વિસ્તારોમાં કરાં પણ પડી શકવાની સંભાવના છે. જમ્મુ-કાશ્મીરમાં કેટલાંક વિસ્તારોમાં બરફની હલકી સફેદ ચાદર બિછાવી દીધી હોય તેવું નજરે પડતું હતું. આ સાથે જ સમગ્ર વિસ્તાર ઠંડીની ચપેટમાં આવી ગયો હતો. કેટલાંક વિસ્તારોમાં વાદળ છવાયેલા હતાં અને સામાન્ય વરસાદ પણ પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કાશ્મીરમાં ઠંડીને પરંપરાગતરૂપે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવી છે. સૌથી વધુ ઠંડી ચિલ્લેકલાં કહેવાય છે અને તેમાં ઓછી ઠંડીને ચિલ્લેખુર્દ અને સૌથી ઓછી ઠંડીને ચિલ્લેબાઈચ કહેવામાં આવે છે. ચિલ્લેકલાં ૨૯ જાન્યુઆરીથી સમાપ્ત થઈ છે જ્યારે ૩૦ જાન્યુઆરીથી ચિલ્લેખુર્દ એ પોતાની અસર દેખાડવી શરૂ કરી દીધી છે. સૂત્રોનાં જણાવ્યા મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનાં કારણે પંજાબના મુખ્ય શહેરો પૈકીનાં એક ચંદીગઢમાં વરસાદ પડ્યો હતો જ્યારે હિમવર્ષાનાં કારણે કુલુ-મનાલી રોડ આવન-જાવન માટે બંધ કરવામાં આવ્યો છે જ્યારે જમ્મુ-કાશ્મીર હાઈ-વે પણ આગોતરા પગલાંરૂપે વન-વે કરી દેવામાં આવ્યો છે. હવામાન ખાતાએ ત્રણ દિવસ સુધી બરફ સાથે વરસાદ પડવાની આગાહી કરી છે. દેશની રાજધાની દિલ્હીમાં પણ ફરીવાર ધુમ્મસભર્યું વાતાવરણ બન્યું છે જેનાં કારણે થોડી ઠંડી અનુભવાઈ રહી છે અને માર્ગ પરિવહનમાં પણ અડચણો ઉભી થઈ રહી છે. જમ્મુ-કાશ્મીરને જોડતી જવાહર ટનલ પણ ભારે વરસાદ અને હિમવર્ષાનાં કારણે પ્રભાવિત થઈ છે. માર્ગ પરિવહન ખોરવાઈ ગયો છે. આ સ્થિતિને જોતાં જવાહર ટનલને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જમ્મુ-કાશ્મીરનાં અન્ય માર્ગો પણ બદલાયેલાં હવામાનનાં કારણે પ્રભાવિત થયા છે. જનજીવન ફરીથી બેઠું થતાં સમય લાગશે તેમ સૂત્રો જણાવી રહ્યાં છે.

## રિપીટ ગુનેગારોના માટે મૃત્યુદંડની કેન્દ્રની તરફેણ

નવી દિલ્હી, તા.૪

કેન્દ્ર સરકારે પણ દિલ્હી ગેંગ રેપની ઘટના બાદ કઠોર વલણ અપનાવ્યુ છે અને રિપીટ ગુનેગારો માટે મૃત્યુદંડની સજાની તરફેણ કરી છે.

તાજેતરમાં જ કેન્દ્રિય કેબિનેટે વટહુકમની મંજુરી આપી હતી જેમાં કઠોર જોગવાઈઓ કરાઈ છે. વટહુકમમાં રહેલી જોગવાઈઓ અંગે ખુલાસો કરતા કેન્દ્રિય નાણાં મંત્રી પી ચિદમ્બરમે આજે જણાવ્યું હતુ કે જાતિય હુમલાઓ અથવા તો અસામાન્ય ખતરનાક જાતિય હુમલાઓના ગુનાઓ માટે બીજી વખત અપરાધીના કેસમાં મહત્તમ સજા તરીકે મૃત્યુદંડની પણ વાત કરવામાં આવી છે.

આ મત સાથે અન્ય મંત્રાલયો પણ સંમત છે. જેલની અવધિ પરિપૂર્ણ કર્યા બાદ જેલમાંથી છુટ્યા પછી બીજી વખત આવા ગુનાઓ કરતા માટે આ જોગવાઈ લાગુ પડી શકે છે.

### વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

વખત એવો આવે છે કે આપણે મૌન થઇ જઇએ છીએ, આપણી પીડાને હૃદયના બેઝમેન્ટમાં પાર્ક કરીને, બાલ્કનીમાં ન તો દુ:ખની ન સુખની શાંતિ નહી.. શૂન્યાવસ્થામાં ચૂપ થઇ જઇએ છીએ ગુમસુમ થઇ જઇએ ત્યારે પણ આ અવળચંડી દુનિયા 'ઘમંડી' અને 'મીંઢો' ગણે છે... આપણા મનોભાવો કોઇકની સમક્ષ વ્યક્ત કરતા પણ ગભરામણ થાય છે... રખે ને વળી કોઇ મનફાવ્યો અર્થ નીકાળી લે તો કયાં જવું!

પરિક્ષિત રાજાને ડંખ દેનાર તક્ષક નાગના વંશજો કેટલાક સ્મૃતિરૂપી સર્પો આપણે ડંખ દીધે રાખે છે, પરંતુ આપણા ઉઝરડા કોઇની નજરમાં આવતા નથી...

શાણપણ એમાં જ છે કે, આપણી પીડા આપણા દર્દ કોઇને જણાવ્યા વગર રોજ આપણા લાક્ષાગૃહમાં આપણે બળીને ઊભા થવાનું છે... કોઇના સાથ, કોઇની સહાનુભૂતિની અપેક્ષાના તોરણ બારણે લટકાવેલા રાખશું તો કદી સાંત્વના નહીં મળે...

આપણા શોક અને પીડા દુ:ખમાં પણ પૈસો અને સત્તાના રૂતબા પ્રમાણે દુ:ખ ભાગીદારી મળે છે... કહેવાતી, દેખાવ પૂરતી ચાંગળી સાંત્વના ફક્ત રૂતબાને ધ્યાનમાં રાખીને મળે છે... લાગણીથી ભીંના ભીંના થઇને ગળે વળગાડીને દુ:ખમાં સાથ આપનારા જ પીઠ પાછળ વગોવતા હોય છે...

આપણી તરસ છીપવા માટે મૃગજળ રાખનારી પરબો પર મીટ ન માંડશો... ઠાલી લાગણી અને ઠાલા વચનોની ભરમારથી સાંત્વનાનું ઘોડાપુર દેખાડનારા દંભી મનુષ્યો પાસે જરા પણ ઢીલા થવું નહીં....

કાળમૂખો કાળ જયારે આપણી સાથે કાવતરૂં ઘડીને મજાક કરવાનું શરૂ કરે છે, પછી બીજા મગતરાં જેવા માનવોની શી વિસાત? આપણા સ્નેહી સ્વજનને શતરંજની રમતના પાયદળની જેમ પળવારમાં પોતાની સાથે બોલાવી લે છે... ભૂંડા કાળ સામે જયારે આપણે કોઇ રીતે પહોંચી નથી શકતા ત્યારે... પીડાને પી જવામાં જ શાણપણ છે...

**સમયનાં હાથને કઇ રીતે ઠેલશો પાછો?**
**એ માગે ચીજ તે તમને ય વ્હાલી હોઇ શકે**

**- રમેશ પારેખ**

આપણો રસ્તો આપણે ખુદ કંડારવાનો છે, એકલા રસ્તો બનાવવાનો છે,

તને જે ગીત આવડે તે ગા
તું એ રીતે સ્વયંની વહારે ધા...

### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

તેઓને શાળાઓમાં આવવું ગમે, તે વાતાવરણનું નિર્માણ કરાયું છે. અવનવી રાઈડ્, મુકવામાં આવી છે. બાલ અભ્યાસનો હેતુ બાળક બાળપણ માણતાં માણતાં, સહજતાથી શાળામાં પ્રસ્થાપિત થાય અને નિસર્ગના સથવારે આધુનિકતા સાથે તાલ મિલાવવા મકકમ ડગલાં માંડવા સક્ષમ બને તે છે.

આજે બાળકો શાળાએ જતાં હોય, ત્યારે કોઈ મજૂર બોજો ઉપાડીને જતો હોય તેવું લાગે છે. આ વિચાર જ ભરતભાઈના હૃદયને સ્પંદિત કરી દેતો. બાળકોને આ બોજથી દૂર કરવા તેઓએ એક અભિનવ પ્રયોગ કર્યો કે, બાળકો શાળાએ નોટબુકના સ્થાને એક પ્લાસ્ટિક ફાઈલમાં માત્ર ૨૦-૨૫ જેટલાં કાગળો લઈને આવે અને જે - તે વિષયનું લેખન કાર્ય કર્યા પછી ઘરે રાખેલ વિષય ફાઈલમાં ક્રમાનુસાર તે કાગળો ગોઠવી દે. આજે તેમની શાળાઓના બાળકો હળવા ફૂલ થઈને શાળાએ આવે છે અને હસતાં રમતાં બોજા વગરની સ્કૂલ બેગ લઈ વણથાક્યા ઘેર પહોંચે છે.

તેઓ કહે છે કે, 'હું બાળકોના ખભેથી પુસ્તકો અને નોટબુકનો ભાર હળવો કરી શકયો. એનો મને ખૂબ જ આનંદ છે. વાલીઓ પણ ખૂબ જ સંતોષ અનુભવે છે કે, તેમના બાળકોને બોજો ઉપાડવો પડતો નથી.'

શ્રી ભરતભાઈ સકારાત્મક વિચારોની પુષ્ટિ કરતાં કહે છે કે, 'આજનો યુગ ૨૪ X ૭નો છે. એટલે કે, ૨૪ કલાક અને ૭ દિવસ કામ કરવું. પરંતુ જો તેમાં પાછળ રહીએ તો વિકાસ રૂંધાય છે. સાથે સાથે પ્રોફેશન, નોકરી કે વ્યવસાય, ગમે તે ક્ષેત્રે વૈશ્વિક બન્યું છે અને તે સ્તરે કાયમ રાખવા માટે એક સર્વ સામાન્ય ભાષાનું જ્ઞાન જરૂરી છે. આજની વૈશ્વિક સ્તરે સર્વમાન્ય ભાષા અંગ્રેજી છે. આજે સર્વોદય સ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨ સુધીની વિદ્યાર્થીનીઓને અંગ્રેજી ભાષા પણ સરળતાથી શીખે તે પણ તેટલું જ અગત્યનું છે.'

ખરા અર્થમાં સર્વોદય એજયુકેશનલ નેટવર્ક સર્વાંગી વિકાસ થાય. તેવું શિક્ષણ આપતી સંસ્થા છે.

દૃઢ સંકલ્પ, સાચી દિશા, કુશાગ્ર બુદ્ધિ, સખત પરિશ્રમ એ જ જીવનની સફળતા, આનંદ અને સુખ માટે જીવન છે. તેથી કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર માટે તેમજ સગા-સ્નેહી મિત્રો માટે સમય મળી રહે તેટલું જ ધંધાકીય કાર્ય કરવું. તે દૃઢ નિર્ધાર ધરાવતા શ્રી ભરતભાઈ જીવનની ફલશ્રુતિ આ પ્રમાણે વર્ણવે છે, 'ધરતી પર જીવવા માટે પર્યાવરણની શુદ્ધતા ખૂબ જ જરૂરી છે તેની જાળવણી માટે યથાયોગ્ય પ્રયત્નો કરી અને સમાજ જાગૃતિ લાવવી.'

ખરેખર જીવનની ક્ષણે ક્ષણને માણી રહેલા માનવ અને પ્રકૃતિ પ્રેમી, શિક્ષણ શ્રેષ્ઠીશ્રી ભરતભાઈને શુભેચ્છા. તેમના સુંદર વિચારો, કલ્પનાઓ અને સંવેદના વધુને વધુ સાકાર થયા તેવી પુન: શુભકામનાઓ આપતા કહીએ.

'સારા વિચાર રાખવાએ આંતરિક સુંદરતાની નિશાની છે.'

તેમનો મોબાઈલ નં. ૯૯૨૫૦૯૯૧૯૯ છે.